# ભગવદ્ ભરોસો એ પંચમ ભક્તિ છે જયાં હશે ભરોસો ત્યાં હશે ભગવાન

**આચમન**
**બિપિન પટેલ**

આ નવીના કલ્યાણાર્થે ભગવાન શ્રીકૃષ્ણે ગીતાજીમાં કેટલાંક વચનો આપ્યાં છે. તેઓ કહે છે જેઓ અનન્ય ભાવે મારું ચિંતન કરતાં મારી ઉપાસના કરે છે તેનો યોગક્ષેમ હું વહન કરું છું. (૯-22) ભગવાન કહે છે તું ભરોસો રાખ હું ભાર ઉપાડીશ. તું ચિંતન કર હું તારી ચિંતા કરીશ. બસ કેવળ ભરોસો રાખ. બીજું બધું મારા પર છોડ. શ્રીરામ ચરિત માનસના અરણ્યકાંડમાં ભગવાન શ્રીરામે પણ કંઇક એવું જ કહ્યું છે. તેમણે તો સ્પષ્ટ કહ્યું છે, કરઉં સહા તિન્હ કૈ રખવારી. જિમિ બાલક રાખે મહતારી. જરા વિચારવા જેવું છે. એક સંસારી પિતા પણ હંમેશાં પોતાના સંતાનનું હિત ઇચ્છે છે. તો શું જગત પિતા ભગવાન પોતાનાં સંતાનોનું કલ્યાણ ન ઇચ્છે?

કહેવાયું તો છે વિશ્વાસે વહાણ તરે તેનો મર્મ એ છે કે જો અડગ વિશ્વાસ હશે તો અનેક વિઘ્નો કે સંકટો આવવા છતાં પણ વહાણ નદી તરી જશે. વિશ્વાસે વહાણ તરે એ જેટલું સાચું છે એટલું જ સાચું એ પણ છે કે વિશ્વાસે ભવસાગર પણ તરી જવાય. જો હશે ભગવાનમાં ભરોસો તો અતિ વિકરાળ ભવસાગર પણ તરી જવાશે. બસ જરૂર છે કેવળ ભરોસાની. ભગવદ્ ભરોસો તો ભવસાગર પાર કરવાનું એક અદ્દભુત જહાજ છે.

ભગવદ્ ભરોસાની વાત એ છે ત્યારે શબરીનો ભરોસો હૃદયમાં ધબકવા લાગે છે. તેમના ભરોસાનું સરસ શબ્દાંકન તુલસીદાસજીએ શ્રીરામ ચરિત માનસના અરણ્યકાંડમાં કર્યું છે. શબરીને વિશ્વાસ હતો તેના ગુરુમાં. શબરીને વિશ્વાસ હતો તેના રામમાં. રામ આવશે. એક દિવસ જરૂર આવશે. એ તેનો જીવનમંત્ર બની ગયો હતો. તેના એ ભરોસાની જ્યોત હંમેશાં ઝળહળતી રહી. તેના હૈયામાં રામ એવું વિચારીને તે તેમને માટે દરરોજ વનમાંથી મીઠાં ફળો લાવતી. રામ આવશે એવા વિશ્વાસે તે તેમના આવવાના માર્ગને સાફ કરીને તેના પર ફૂલો પાથરતી. મારા રામના કોમળ ચરણોમાં કાંટા-કંકર ન લાગે. મારા રામ જરૂર આવશે. તેની આંખો રસ્તા પર દૂર દૂર સુધી પથરાયેલી રહેતી. ક્યારે આવે મારા રામ... એમ પ્રતીક્ષા કરતાં કરતાં દિવસ પૂરો થઇ જતો. તે વિચારતી ભલે રામ આજે ન આવ્યા. કાલે જરૂર આવશે. રાતભર રામનું ચિંતન ચાલુ જ રહેતું. બીજો નવો સૂર્યોદય થતો. એ જ પ્રક્રિયાઓનું પુનરાવર્તન થતું રહેતું. દિવસો નહીં, વર્ષો સુધી રામ આવ્યા નહીં તો પણ તેનો ભરોસો તૂટ્યો નહીં. તેની પ્રતીક્ષા અખંડ રહી. એક દિવસ રામ અચાનક પધાર્યા તેની ઝૂંપડીએ. માર્ગમાં અનેક ઋષિમુનિ, સંતોએ આગ્રહ કર્યો પરંતુ રામ તો પહોંચી ગયા સીધા શબરીની ઝૂંપડીએ. શબરીનો ભરોસો સાર્થક બન્યો. તે આનંદથી પાગલ બની ગઇ. અંતે આવ્યા મારા રામ. શ્રીરામ પ્રત્યેના ભરોસાએ જ તેને જીવતી રાખી હતી. તેનો એ ભરસો જ શ્રીરામને ખેંચી લાવ્યો તેની ઝૂંપડીએ. નવધા ભક્તિનો મર્મ સમજાવતાં શ્રીરામે શબરીને કહ્યું. (મંત્રજાપ) મમ દૃઢ વિશ્વાસ. મારામાં દૃઢ વિશ્વાસ એ તો પંચમ ભક્તિ છે. જે તમારામાં ઠાંસી ઠાંસીને ભરી છે. શ્રી રામનાં વચનો સાંભળીને તે ધન્ય બની. ચાલો આપણે પણ શબરીના ભગવદ પ્રેમ, ભગવદ્ ભક્તિ અને ભગવદ્ ભરોસાને આપણો આદર્શ બનાવીએ. આપણા જીવનને સાર્થક કરીએ કે રામ એક દિવસ જરૂર પધારશે. જરૂર દર્શન દેશે. બસ રામને ભરોસે રહીએ ને રામ રામ કરતા રહીએ.



> ભગવાન કહે છે તું ભરોસો રાખ હું ભાર ઉપાડીશ. તું ચિંતન કર હું તારી ચિંતા કરીશ. બસ કેવળ ભરોસો રાખ

# સંસ્કારિતા માટે દોષી કોણ?

**અજવાળાં**
**દુર્ગેશ ઉપાધ્યાય**

આજની નવી પેઢીનાં વાણી-વર્તન અંગે જે લોકો દોષ કાઢે છે, તે લોકો તે માટે જવાબદાર છે એટલે કે નવી પેઢીના દોષ માટે જૂની પેઢી તેમનાં મા-બાપ વગેરે જ જવાબદાર છે કારણ કે જે ઉંમરે બાળકનું સંસ્કારો બાબતે ધ્યાન રાખવું જોઈએ, તે જવાબદારીમાં કદાચ મા-બાપની ચૂક થઇ હોય છે, તેનું પરિણામ તેઓને ભોગવવાનું આવે છે અને માબાપના સંસ્કારની અસર બાળક પર ખૂબ પડે છે. એ ન્યાયે મા-બાપ યાને વડીલોએ પોતે જ પોતાનું સંસ્કરણ કરવું જોઇએ. પોતે સંસ્કારી નહીં હોય તો બાળક સંસ્કારી ક્યાંથી થશે? કૂવામાં હોય તો જ હવાડામાં આવે. એ ધ્યાન રાખવું જરૂરી છે. ગોળ ખાનાર સંન્યાસી બાળકને ગોળ નહીં ખાવાનો ઉપદેશ કઇ રીતે આપી શકે?

નવમી સદીમાં ગુજરાતની ગાદીએ એક આદર્શવાદી રાજા યોગરાજ હતા. તેમની ખ્યાતિ ચોમેર ફેલાઈ હતી, તે રાજાના ત્રણ પુત્રો હતા જેમાં સૌથી મોટો યુવરાજ જે ક્ષેમરાજ હતો, જે હવે રાજની બાગડોર સંભાળવા તૈયાર થઇ ગયો હતો. રાજાએ ત્રણેય પુત્રોમાં સંસ્કાર સિંચન બાબતે ધ્યાન રાખ્યું હતું. છતાંય ક્યાંક કચાશ રહી હશે તો તે પુત્રો ઉદ્ધત વર્તન કરતા થઇ ગયા હતા.

એક દિવસ યુવરાજ ક્ષેમરાજે રાજાને કહ્યું, ‘‘પિતાજી, કેટલાક પરદેશી રાજાઓનાં વહાણો વા-વંટોળના કારણે આપણા રાજ તરફ ફંટાઈને ભૂલથી આવી ગયાં છે અને નજીકના બંદરે તે લાંગર્યાં છે. જેમાં લાખોની માલમત્તા છે તે વહાણો આપણે કબજે લઇ લઇએ તો રાજને મોટો ફાયદો થશે.’’

આ સાંભળી તેના પિતાએ કહ્યું, ‘‘બેટા આપણાથી એવું ન કરાય. આવું કરવાથી આપણી રાજપરંપરા લજવાય અને પાડોશી રાજ્યો દુશ્મન થઇ જશે પણ પિતાની વાત યુવરાજે ન ગણકારી અને પોતાના બે ભાઈઓ અને સૈનિકોને લઇ પેલાં વહાણો લૂંટવા માંડ્યાં. હુમલાના ડરથી વહાણચાલકો ભાગી ગયા.

લૂંટેલો માલસામાન લાવી રાજા સમક્ષ ખડકી દીધો. એ માટે કે માલ જોઇ પિતા ખુશ થશે પણ એ રાજાની આંખો લાલઘૂમ થઇ ગઇ અને બોલ્યા, ‘‘નાલાયકો મેં તમને આ માટે ઉછેર્યા હતા? કોઇનું લૂંટી લાવવામાં તમારી મર્દાનગી બતાવો છો, મેં તમને આવા સંસ્કાર આપ્યા?’’ એ પિતા રડવા લાગ્યો અને બોલ્યો, ‘‘મેં તમને સંસ્કાર આપવામાં ક્યાંક ભૂલ કરી છે. તેની સજા મને મળવી જોઇએ’’ અને રાજાએ મંત્રીને હુકમ કર્યો કે, કાલે સવારે મારી ચિતા રચો, હું સળગી મરવા માગું છું.’’

આ સાંભળી આખી સભા અને પેલા પુત્રો સ્તબ્ધ થઇ ગયા. બીજા દિવસે ચિતામાં જાતે બળી રાજાએ મોત મીઠું કર્યું અને ત્યારથી પેલા ત્રણ પુત્રો પણ સુધરી ગયા. એથી રાજાનું બલિદાન એળે ન ગયું. આ સંસ્કારિતાનો દાખલો.



> નાલાયકો, મેં તમને આ માટે ઉછેર્યા હતા? કોઇનું લૂંટી લાવવામાં તમારી મર્દાનગી બતાવો છો, મેં તમને આવા સંસ્કાર આપ્યા? મેં તમને સંસ્કાર આપવામાં ક્યાંક ભૂલ કરી છે. તેની સજા મને મળવી જોઇએ

## સપ્તાહનાં વ્રત-તહેવારો
## તા.૨૫ થી તા.૩૧ મે 2026



### તા. ૨૫ સોમવાર
અધિક જેઠ સુદ દશમ-ગંગા દશમી, ગંગા દશહરા સમાપ્ત.

### તા. ૨૬ મંગળવાર
અધિક જેઠ સુદ કક અધિક જેઠ સુદ એકાદશી- કમલા એકાદશી(સ્માર્ત) સાકર એકાદશી વૃદ્ધિતિથિ. મૈસુર દત્તપીઠમના અધિપતિ ગણપતિ સચ્ચિદાનંદજીનો જન્મોત્સવ દત્તપીઠમના સુરત સહિતના આશ્રમોમાં ઉજવાશે.

### તા. ૨૭ બુધવાર
અધિક જેઠ સુદ એકાદશી, કમલા એકાદશી(ભાગવત) સાકર.

### તા. ૨૮ ગુરુવાર
અધિક જેઠ સુદ બારસ-પ્રદોષ. બકરી ઇદ.

### તા. ૨૯ શુક્રવાર
અધિક જેઠ સુદ કકક

### તા. 30 શનિવાર
અધિક જેઠ સુદ ચૌદસ- વ્રતની પૂનમ.

### તા. ૩૧ રવિવાર,
અધિક જેઠ સુદ પૂનમ - મન્વાદિ અન્વાધાન.

## સુવિચાર

કર્મ સારા રાખો, કારણ કે પ્રાર્થના માત્ર શબ્દો નહીં પરંતુ જીવનશૈલી છે

આત્માનું સૌંદર્ય સત્ય, દયા અને પ્રેમમાં વસે છે.